# કર્મોનું REFLECTION

JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 16 | Issue 12 | Mumbai | April - 2026| Price Rs. 5/- | Pages : 28



મારી સાથે જ્યારે, જ્યાં, જેમ, જે પણ થાય છે
તે મારા જ pastના કર્મોનું reflection હોય છે

# The Reason Behind Everything...

-પરમ ગુરુદેવ

માનવીનું મન એટલે જાણે વિચારોનો store room ! નાનકડાં મનમાં અનેક વિચારો ખીચોખીચ ભર્યા હોય, જેમાં મોટા ભાગના તો imaginations હોય અથવા pastના incidents હોય !

મારી સાથે કેમ આવું થયું ? મારી સાથે જ કેમ અન્યાય થાય છે, મને કેમ આ જ family મળ્યું ? મારી આસપાસ જ કેમ આવા નિમિત્તો છે, હું કેવો છું ? હું પુણ્યવાન છું કે નથી ? હું અન્ય માટે કેવો છું ? મને મળતી સજા માટે ગુનેગાર કોણ છે ? હું અન્ય માટે શુભનો પ્રેરક છું કે સુખનો પ્રેરક છું ?

મોટા ભાગે મનમાં ઘુમરાતા આવા પ્રશ્નોના કારણે જ મન confused રહે છે અથવા અન્યને blame કરે છે, જેના કારણે સંસારમાં problems થાય છે.

તમારી સાથે ઘટતી દરેક ઘટનાઓની પાછળનું reason શું હોય છે ?

ભગવાને કહ્યું છે;

**The reason behind everything is only & only your karmas !**



**તારી સાથે જે થાય છે, તે તારા કર્મોના કારણે થાય છે. તારી સાથે જે થાય છે, તે તારી જ pastની actionsના reactions છે. તારા પાપ અને પુણ્ય પણ તારા જ કર્મો પ્રમાણે છે.**

માટે જ, આ એક સૂત્રને આત્મામાં અંકિત કરી લેવું જોઈએ. સંસારમાં સુખી થવાનું આ perfect સૂત્ર છે.

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવે આ સૂત્રને ખૂબ જ સરળ શૈલીમાં logic સાથે સમજાવ્યું છે, જે વાંચશો જૈન-ક્રાંતિના આ અંકમાં !

JAIN KRANTI
# જૈન ક્રાંતિ
5th April 2026, YEAR: 24, ISSUE - 301

PAGES : 24 + 4 • RETAIL PRICE : ₹ 5

## અરે ! આમાં તો મારા મનનું જ સમાધાન છે !



ભાગ્યે જ કોઈ માનવી એવો હશે,

જેના મનમાં કેમ, શા માટે, આવું કેમ, કોણ છે એ ?

જેવા અનેક પ્રશ્નોની વણઝાર સદાય ચાલતી ન હોય અને મનને મુંઝવતી ન હોય !

મન-મનની વાત જાણનારા રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે અનંતી કરુણા કરી,

જૈન-ક્રાંતિના વાંચકો માટે, મુંઝવતા મનને સમાધાન આપવા માર્ગદર્શક બનીને આપ્યાં છે, એક-એક પ્રવચન !

**જે વાંચતા-વાંચતા તમને અવશ્ય feel થશે કે,**
**'અરે ! આમાં તો મારા જ મનનું સમાધાન છે !'**
**અને તમે એક અનન્ય હળવાશનો અનુભવ કરશો...**
**એ gurantee અમારી ! !**

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

**આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : +91-9324808181**

**TO KNOW MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678**



# શું આ એની Mistake છે ?

-પરમ ગુરુદેવ

એક વ્યક્તિ જ્યારે સંસારની પ્રવૃત્તિઓ અને સંસારના વ્યવહારમાં વ્યસ્ત હોય છે, ત્યારે આખા દિવસમાં એને પોતાની ભૂલ વધારે દેખાતી હોય છે કે અન્યની ? અન્યની !

બીજાની ભૂલ માત્ર દેખાતી નથી પણ એની પાસે એ ભૂલ કબૂલ કરાવવાનું, એને એની ભૂલ realise કરાવવાનું પણ અંદરથી મન થાય અને એમાં પોતાના એક પ્રકારના micro-egoનું satisfaction પણ થાય ! કેમ ? એની પાછળનું reason શું છે ?

કેમ કે, પરમાત્માએ બતાવેલા કર્મ સિદ્ધાંતની સમ્યક્ સમજ નથી. આજે તે વ્યક્તિથી જે ભૂલ થઈ છે, તે કાલે અથવા ક્યારેક મારાથી પણ થઈ શકે છે. ભૂલ આજે એણે કરી છે, કાલે તમે પણ કરી શકો છો.

ભૂલ મનુષ્યથી જ થાય, ભગવાનથી ક્યારેય ભૂલ ન થાય ! જ્યાં સુધી મનુષ્ય ભવમાં છો ત્યાં સુધી તમારાથી પણ ક્યાંક ને ક્યાંક ભૂલ થવાની શક્યતા છે જ, તો પછી અન્યની ભૂલ પર શા માટે આંગળી ચિંધવાની ?

તમારી આખી lifeમાં તમે પણ ક્યાંક ને ક્યાંક ઘણી બધી ભૂલો કરી જ હશે, સંસારમાં છો. સંસારની પરિસ્થિતિઓની વચ્ચે છો એટલે ક્યાંક ને ક્યાંક રાગ-દ્વેષ થવાના, ક્યાંક સમસ્યા અને સંઘર્ષ થવાના, ક્યાંક આવેગ - ઉદ્વેગ આવવાના, ક્યાંક ઈર્ષ્યા અને અહંકાર થવાના... આવી સ્થિતિઓમાં ભૂલ થવી સહજ હોય છે. માટે જ, જ્યારે કોઈ બીજાની ભૂલ જુઓ, બીજાની mistakeને જાણો, ત્યારે મનમાં એક જ વિચાર આવવો જોઈએ, **'ભૂલ મારાથી પણ થઈ શકે છે.'**

આજ સુધી તમને તમારી ભૂલ ઓછી દેખાય છે અને બીજાની ભૂલ વધારે દેખાય છે. પોતાની ભૂલ ન દેખાવી કે realise ન થવી એ પણ મોટી ભૂલ છે.

યાદ રાખજો, જ્યારે તમે બીજાની ભૂલોને mark કરો છો, બીજાને એની ભૂલો realise કરાવો છો, ત્યારે તમે એમના માટે negative થઈ જાવ છો. પણ જ્યારે તમે વિચારો છો કે, આવી ભૂલ મારાથી પણ થઈ શકે છે, ત્યારે તમે positive રહો છો અને વિચારો છો કે, 'આવું ક્યારેક થઈ જાય; મારાથી પણ થયું હતું.'

**જેમ-જેમ વ્યક્તિને સ્વયંની ભૂલ દેખાતી જાય,**
**તેમ-તેમ તેનો ભગવાન બનવાનો માર્ગ ખૂલતો જાય,**
**જેમ-જેમ વ્યક્તિને બીજાની ભૂલ દેખાતી રહે,**
**તેમ-તેમ તેનું સંસાર પરિભ્રમણ વધતું રહે !'**

બીજાની ભૂલો શોધવામાં અને બીજાની ભૂલોને જોવામાં રાગ-દ્વેષ વધારે થાય છે, જ્યારે પોતાની ભૂલ જોનારાના રાગ-દ્વેષ પણ છે અને ભૂલોને સુધારવાનો પુરુષાર્થ પણ થાય છે. બીજાની ભૂલ દેખાય ત્યારે મનમાં એક જ વિચાર આવવો જોઈએ કે, બની શકે છે, આ એના pastના કોઈ કર્મનો ઉદય હોય, બની શકે છે, tension હોવાના કારણે ધ્યાન ન રહ્યું હોય, બની શકે છે, આ solution એને ત્યારે યાદ ન આવ્યું હોય અને એનાથી ભૂલ થઈ ગઈ હોય ! આ હોય છે, સમ્યક્ વિચાર !

જ્યારે વિચારધારા સમ્યક્ હોય છે, ત્યારે અન્ય પ્રત્યેનો દુર્ભાવ ઓછો થઈ જાય છે, negativity દૂર થઈ જાય છે.

**બીજા પ્રત્યેના દુર્ભાવને ઘટાડવો,**
**એ એક પ્રકારનો ધર્મ છે.**
**દુર્ભાવને વધારવો,**
**એ એક પ્રકારનો અધર્મ છે.**

તમે સંસારમાં છો, તમે બધાં coloursના dresses પહેરી શકો છો, છતાં એ બધાંમાં તમારો કોઈ એક colour favourite હશે, ગમતો હશે, જેના કારણે જાણે- અજાણે તમારી અંદર બીજા colours પ્રત્યે micro dislikingની feelings આવી જતી હશે. જે સમયે ગમતા colourનો dress પહેરવાનો હશે, તે સમયે તમારી અંદર એક પ્રસન્નતાની અલગ feelings હશે, જે બીજા colours ના dresses વખતે નહીં હોય.

તમારા ઘરમાં પણ તમારા dining table પર તમારી daily બેસવાની chair fix હશે. રોજ તમે ત્યાં જ બેસીને ભોજન કરતાં હશો. માનો કે, એક દિવસ તમારો નાનો ભાઈ આવ્યો અને એને ભૂખ લાગી હોવાથી, ઉતાવળમાં તમારી fix chair પર બેસી ગયો, તમે પણ તમારા roomમાંથી બહાર આવ્યાં અને જોયું કે, તમારો ભાઈ તમારી chair પર બેસી ગયો છે. તમે બાજુની chairમાં બેસી તો જાવ છો, પણ તમારા મનની અંદર વિચારોનું વમળ શરૂ થાય છે એને ખબર તો છે જ કે, આ મારી chair છે, તો પછી આજે એણે આવું કેમ કર્યુ ? એણે એની chair પર બેસવું જોઈએ ને !

શું થયું ? ભૂલ દેખાણી અને દુર્ભાવ આવ્યો !

દુર્ભાવ એટલે અંદરમાંથી આવતો micro અણગમો !

Chair હોય કે situation હોય, યાદ રાખવાનું, મને જ્યારે, જ્યાં, જે મળે છે, મારા કર્મો અનુસાર જ મળે છે. મને મળતી, મારી ગમતી વસ્તુઓ અને વ્યક્તિઓ પણ મારા કર્મો અનુસાર જ મળે છે. મને મારી fix chair ન મળી, એમાં ભૂલ ભાઈની નથી, ભૂલ મારા કર્મોની છે. જો ભૂલ મારા જ કર્મોની છે, તો એને બીજાની ભૂલ કેમ માનવાની ?

આ એક નાનકડી સમજ આવી જાય તો, ક્યારેય કોઈના પ્રત્યે દુર્ભાવ ન આવે, negative ભાવ ન આવે, અણગમો ન થાય.

**પોતાની ભૂલોને જોવી,**
**એને 'સ્વ દોષ દર્શન' કહેવાય !**

પોતાની ભૂલ જેને દેખાય, પોતાની ભૂલ જેને સમજાય અને પોતાની ભૂલ જેને realise થાય, તે ક્યારેય અન્યને blame ન કરે, તે ક્યારેય કોઈના પર ક્રોધ ન કરે, તેના મનમાં એક જ સમ્યક્ ભાવ હોય, આ મારી જ pastની ભૂલનું result છે, મારી જ pastની actionનું reaction છે, પછી એ ભૂલ આ ભવના pastની પણ હોઈ શકે અને pastના કોઈ ભવની પણ હોઈ શકે !

હું ક્યારેક આવી જ રીતે કોઈની fix chair કે fix place પર બેસી ગયો હોઈશ, એટલે આજે મારો ભાઈ મારી fix chair પર બેસી ગયો છે. ભૂલ એની નથી, ભૂલ તો મારી જ છે, મારી જ ભૂલનું આ result છે, એ તો માત્ર ને માત્ર નિમિત્ત છે !


જો આ સમજ હોય તો ભાઈ માટે એ થોડી ક્ષણો માટે micro અણગમો આવે ? ના !

એક પ્રત્યે ગમો, બીજા પ્રત્યે micro અણગમો લાવે. એક પ્રત્યે likingની feelings, બીજા પ્રત્યે micro dislikingની feelings લાવે !

તમારી સાથે જે situation સર્જાય છે, એની પાછળનું reason શું હોય છે ?

The reason behind every thing is only and only YOUR KARMAS!

## દરેક વખતે



# અન્યાય મારી સાથે જ કેમ ?
# Why Me?

-પરમ ગુરુદેવ

તમારી આ lifeમાં તમે કેટલી વાર અનુભવ્યું હશે કે, મારી સાથે જ અન્યાય થાય છે, કેટલી વાર મનમાં બોલ્યાં હશો, અન્યાય મારી સાથે જ કેમ ? દરેક વખતે મારે જ સહન કરવાનું ? શા માટે ?

તેની પાછળનું reason શું છે ?

તમે ન કર્યું હોય, છતાં તમને કહેવામાં આવે તમે આમ કર્યું છે, ત્યારે શું થાય ? અંદરમાંથી તરત જ વિદ્રોહ આવે, ના,ના...મેં આ કર્યું જ નથી. તમે જોયા-જાણ્યા વિના મારા વિશે આવું કહો છો, તમે આવું કહીને મારી સાથે અન્યાય કરી રહ્યાં છો.

તમે આક્રોશમાં આવી જશો, અકળાઈ જશો, અનેક પ્રકારના ખુલાસા આપશો અને તમને ન્યાય મળે એવા પ્રયત્ન કરશો.

એ જ સમયે યાદ રાખવાનું છે;

મારી સાથે એ જ થઈ રહ્યું છે, જે મેં કોઈની સાથે કર્યું છે.

**તમારી સાથે થતો દરેક અન્યાય તમારા જ કર્મોનો સર્વોચ્ચ ન્યાય છે.**

તમને લાગે કે, તમારો કોઈ વાંક નથી, તમારી કોઈ ભૂલ નથી, છતાં તમને તેની સજા સહન કરવી પડે છે. ભલે આજે તમે કાંઈ નથી કર્યું, પણ pastમાં કરેલી ભૂલ આજે ઉદયમાં આવી છે.

ઘણી વ્યક્તિઓની ફરિયાદ હોય છે કે, અમે બંને સગા ભાઈ-બહેન છીએ છતાં મમ્મી-પપ્પાને બહેન વધારે વહાલી છે. બધા credits એને જ આપવામાં આવે છે, મારી સાથે તેઓ really injustice કરે છે.

યાદ રાખવાનું, credit એને જ મળે છે, જેણે કોઈને credit આપ્યા હોય. વહાલ પણ એને જ મળે છે, જેણે કોઈને વહાલ આપ્યું હોય.

તમે જે આપો છો, તે જ તમારી કર્મોની bankમાં deposit થાય છે અને એ જ તમને interest સાથે મળે છે.

Injustice તમારા parents નથી કરતા, તમારા કર્મોનું આ justice હોય છે.

> **અન્યાય વખતે જો યાદ આવે કે, આ મારા કર્મોનો ન્યાય છે, તો ક્યારેય injustice થવાની feeling ન આવે, આક્રોશ ન આવે.**

ઘણા ઘરોમાં સાંભળ્યું છે કે, મોટાભાઈને બધું મળે છે અને મને ઓછું, સમાજમાં માન હોય કે propertyમાં ભાગ હોય, મોટાભાઈનું નામ પહેલાં આવે !

મોટાભાઈને માન અને propertyમાં ભાગ પણ એના કર્મોના આધારે જ મળે છે.

કર્મોના ન્યાયમાં સામેવાળા અન્યાય કરે છે એવું માનવું, એ મોટામાં મોટું અજ્ઞાન છે.

માનો કે, તમે કોઈના પર ગુસ્સો કર્યો હોય અને તે તમારા પર

ગુસ્સો કરે, તો તમે વધારે reaction પણ ન આપો અને સ્વીકારી લ્યો કે સહજ છે, મેં ગુસ્સો કર્યો છે, એટલે એણે પણ ગુસ્સો કર્યો છે. જો તમે કોઈ સાથે ખૂબ જ સારો અને સૌજન્યપૂર્ણ વ્યવહાર કર્યો હોય, સન્માન સાથે વાતો કરી હોય, છતાં તે તમારું insult કરે, ત્યારે શું થાય ?

ત્યારે તમારાથી જરાપણ સહન નથી થતું અને તમારા મુખમાંથી એક line પ્રગટ થાય છે,

**સાચું હું સો વાર સહન કરીશ, પણ ખોટું એક પણ વાર સહન નહીં કરું.**

કોઈને ક્યારેય ખોટું સહન કરવાનું આવતું જ નથી. એક પણ સહન કરવાની ક્ષણ ક્યારેય ખોટી હોતી જ નથી. તમને જે સહન કરવાનું આવે છે, તે તમારા pastનું reflection હોય છે અથવા તમારું present હોય છે.

તમને સહન કરવું પડે છે, તમારી pastની એ પ્રકારની actionના કારણે ! તમને સહન કરવું પડે છે, કેમ કે, તમે ક્યારેક કોઈને સહન કરવા મજબૂર કર્યાં હશે !

**આપ્યાં વિનાનું ક્યારેય મળતું જ નથી.**

**મારું બનાવેલું જ મારી થાળીમાં પિરસાય છે.**

જો આ સત્ય સમજાઈ જાય, કર્મનો આ સિદ્ધાંત જો સમજાઈ જાય, તો કોઈ સમસ્યા જ ન રહે.

જેમ જેમ સત્યની સમજ develop થતી જાય, તેમ તેમ દરેક સમસ્યાનું સમાધાન મળતું જાય. જેમ જેમ પરિસ્થિતિઓનું analysis કરતાં જઈએ, તેમ તેમ realise થતું જાય કે, મારા કર્મો સિવાય કોઈ મારી સાથે અન્યાય કરી જ ન શકે !

જેવી સમજ આવી જાય કે, 'આ તો મારા કર્મોનો ન્યાય છે,' એટલે શાંતિ અને સમાધિ આવી જાય.

માનો કે, તમે કોઈ ભૂલ કરી છે અથવા તમારાથી કોઈ ભૂલ થઈ ગઈ છે અને એ તમારી ભૂલ કોઈને ખબર પડી નથી, ત્યાં સુધી તો બધું normal ચાલતું રહે, પણ જ્યારે ભૂલ પકડાઈ જાય અને સામેવાળા કહે, 'આ તમે જ કર્યું છે ને ?' ત્યારે તમે કદાચ 'હા' પાડશો, કદાચ 'ના' પાડશો.

જ્યારે સામેવાળા બધાં proof બતાડે, ત્યારે તો તમારે 'હા' જ પાડવી પડશે. તમે સહજતાથી તમારી ભૂલનો સ્વીકાર કરી લેશો. કેમ કે, તમે ભૂલ કરી છે, એ તમને ખબર જ છે !

કરેલી ભૂલની ખબર હોવાથી, એનો સ્વીકાર કરવો સહેલો હોય છે. પરંતુ pastમાં ભૂલ કરેલી છે, પણ એની અત્યારે ખબર નથી, તેવી ભૂલનો સ્વીકાર કરવો બહુ અઘરો હોય છે, એ ભૂલનો સ્વીકાર તો નથી થતો, પણ એનો પ્રતિકાર વધારે થાય છે.

કર્મોના ઉદયના કારણે તમારી સાથે જે કાંઈ બને છે, તમારી સાથે જે કાંઈ અન્યાય થાય છે, injustice થાય છે, તે તમને તમે જ કરેલી પણ તમને ખબર ન હોય, એવી ભૂલોનું જ result હોય છે.

કોઈની સાથે ક્યારેક અન્યાય કર્યો હોય, તો જ તમારી સાથે અન્યાય થાય, અન્યાય કર્યા વિના ક્યારેય અન્યાય ન થાય. બની શકે છે, તમે pastના કોઈ ભવમાં કર્યો હોય અને અત્યારે ખબર ન હોય !

માટે જ, યાદ રાખવાનું, મારી સાથે જે થાય છે, તે મારા જ કર્મોનો ન્યાય છે, અર્થાત્ મેં જે કર્યું છે, એ જ મને મળી રહ્યું છે.

**જો મારું કરેલું જ મને મળી રહ્યું છે,**
**તો મારે એનો પ્રતિકાર કરવો નથી,**
**સ્વીકાર કરવો છે.**

પ્રતિકારમાં problem છે અને સ્વીકારમાં શાંતિ અને સમાધિ છે.



# મને કેમ આ જ family મળ્યું ?

-પરમ ગુરુદેવ

તમે વર્ષોથી પરિવાર સાથે રહો છો, તો ક્યારેક ને ક્યારેક arguments થઈ હશે, ક્યારેક મનદુ:ખ થયું હશે, ક્યારેક મતભેદ થયાં હશે, ક્યારેક ગુસ્સો આવ્યો હશે, ત્યારે તમારા મનમાં શું વિચારો આવ્યા હશે ?

મને કેમ આ જ family મળ્યું ? મને કેમ આવા સ્વજનો મળ્યાં, મને કેમ આવા life partner મળ્યાં, મારું family કેમ મને સમજતું નથી ? મારા સંતાનો કેમ આવા છે ?

તેની પાછળનું reason શું છે ?

વિચાર કરો, જગતના લાખો પરિવારમાંથી, આ જ પરિવાર તમને કેમ મળ્યો, આ જ પાત્રો માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર, પુત્રી, પતિ, પત્નીરૂપે કેમ મળ્યાં ?

Pastના અનેક ભવોમાં જેવી તમારી actions હતી, એ જ આજે reflect થઈ રહી છે. Pastમાં તમે અન્ય સાથે જેવો વ્યવહાર કર્યો હતો, એવો વ્યવહાર કરવાવાળા આજે તમને પરિવારજન રૂપે મળ્યાં છે, સ્વજનરૂપે મળ્યાં છે.

એક પણ સ્વજન સાથે તમારા આત્માનું કોઈ connection ન હોય. જેવા તમારા કર્મો હોય, એ કર્મો અનુસારના સ્વભાવવાળા સ્વજનો, પરિવારરૂપે મળતાં હોય છે. તમે કોઈને pastમાં પ્રેમ આપ્યો હોય તો તમને પ્રેમ આપવાવાળું પાત્ર મળે અને તમે કોઈના પર ગુસ્સો કર્યો હોય તો તમને તમારા ઉપર ગુસ્સો કરે એવું પાત્ર મળે.

માનો કે, તમને તમારા ભાઈ માટે ખૂબ જ લાગણી છે અને તમારા ભાઈને પણ તમારા પ્રત્યે અત્યંત લાગણી છે. તમારા બંને વચ્ચે ખૂબ સરસ bonding છે ત્યારે તમને એમ થાય કે અમારું જનમ-જનમનું connection છે, ના !

સંબંધ કે લાગણીના કારણે કોઈ સ્વજન મળતાં નથી. સ્વજન મળે છે કર્મોના કારણે !

તમારે જેવા કર્મો ભોગવવાના હોય, એવા કર્મો અનુસારની વ્યક્તિઓ, સ્વજન બનીને મળતાં હોય છે. તમને જે family મળે છે, તે તમારા કર્મોના આધારે મળે છે.

Familyમાં કોઈ વ્યક્તિને તમારી માટે વધારે feelings હોય, તમારી વધારે care કરતાં હોય તો એમ ન માનશો કે એને તમારા પ્રત્યે પ્રેમ છે.

તમારા પુણ્ય વગર કોઈ તમારા પ્રત્યે લાગણી બતાવી ન શકે. તમારા good luck વગર કોઈ તમારી care કરી ન શકે. લાગણી અને care તમને સામેવાળી વ્યક્તિ તરફથી નથી મળતી, એ તો એટલી જ મળે છે, જેટલી તમારી કર્મોની bankમાં deposit થયેલી છે.

તમે pastમાં જેટલી લાગણી આપી છે, તે તમારી કર્મોની bankમાં જમા છે અને એ જ તમને repay થઈ રહી છે. જેવી લાગણીની deposit પૂરી થઈ જશે, જેવા તમારા good luck પૂરા થઈ જશે, એ જ વ્યક્તિ તમારી care કરવાનું બંધ કરી દેશે, તમને લાગણી આપવાનું stop કરી દેશે.

કર્મો હંમેશાં સ્વયંના જ હોય અને સ્વયં એ જ બાંધેલા હોય, કોઈના કર્મો તમે ન ભોગવી શકો અને તમારા કર્મો કોઈ ન ભોગવી શકે.

**કોઈપણ પ્રવૃત્તિ કરતી વખતે alert રહો કે આજે હું કોઈની સાથે આવું કરું છું, ભવિષ્યમાં મારે આ જ ભોગવવું પડશે. હું જેવા કર્મો બાંધીશ, એવા જ મારે ભોગવવા પડશે. મારી આજની action, ભવિષ્યમાં reaction બનીને મારી જ પાસે આવશે. પરમાત્માએ કહ્યું છે, 'બંધ સમયે ચેતી જવું !'**

આ 4 lines જો યાદ રહી જાય અને હર પળ સાવધાન અને જાગૃત રહો, તો ઓછામાં ઓછા કર્મ બંધ થાય.

આ 4 lines જો તમારી lifeમાં આવી ગઈ તો તમે પરમાત્માની lineમાં આવી જશો.

જો આ 4 lines યાદ રહી જશે તો ભવિષ્યમાં તમને જેવું family જોઈએ છે, એનું planning કરી શકશો.

તમે ઈચ્છો છો કે ભવિષ્યમાં તમને મળનારું family, તમારા સ્વજનો તમને સમજી શકે એવા હોય, તો આજથી તમે દરેકની વાતને સમજતાં શીખી જાવ. તમે ઈચ્છો છો કે ભવિષ્યમાં તમને પ્રેમાળ અને caring સ્વજનો મળે, તો આજથી બધાંને પ્રેમ કરતાં અને બધાંની care કરતાં શીખી જાવ. કેમ કે, કર્મનો સિદ્ધાંત જ છે, **જે આપશો, તે મળશે, જેવું આપશો, તેવું મળશે !**

પણ બને છે શું ?

જ્યારે પ્રવૃત્તિ કરો છો, જ્યારે situation આવે છે, ત્યારે કર્મનો આ સિદ્ધાંત યાદ આવતો નથી. યાદ નથી આવતું કે મને આનું reflection મળવાનું છે.

જેને reflection યાદ નથી આવતું, તેઓ reactions આપે છે. કર્મોનો સંબંધ કર્મો સાથે જ હોય છે, કર્મોનો સંબંધ ક્યારેય વ્યક્તિ સાથે ન હોય.

માનો કે, તમે એક વ્યક્તિને લાફો માર્યો, જેને લાફો માર્યો એને pain થયું હશે, જેનાથી તમારા અશાતા વેદનીય કર્મ બંધાયા. હવે જરૂરી નથી કે એ જ વ્યક્તિ તમને કોઈપણ ભવમાં આવીને અશાતા આપે. બની શકે કે સામેવાળી વ્યક્તિનો મોક્ષ થઈ જાય. હવે તમે જે લાફો માર્યો હતો તે અશાતા અન્ય કોઈપણ વ્યક્તિ, વસ્તુ અથવા વાતાવરણ દ્વારા તમને ભવિષ્યમાં મળશે. તમને ભવિષ્યમાં અશાતા મળ્યા પછી તે કર્મ ક્ષય થઈ જશે.

તમે કોઈને પીડા આપો છો, તો તમારે પીડા ભોગવવાની આવશે પણ એ પીડાનું નિમિત્ત કોઇ પણ બની શકે છે.

Familyમાં પણ શું હોય છે ?

તમને પરિવારના 4-6 સ્વજનોમાંથી કોઈ એકને વધુ લાગણી હોય, કોઈને સામાન્ય લાગણી હોય. કોઈ વધારે વાત કરવાવાળા હોય, કોઈ કામથી કામ પૂરતી જ વાત કરનારા હોય. બધાંના nature અલગ-અલગ હોય, કેમ કે, બધાંના પોતાના કર્મો અલગ-અલગ હોય.

તમારે જેવા કર્મો ભોગવવાના હોય, એવા natureવાળી વ્યક્તિઓ તમારા familyમાં સ્વજન બનીને આવતી હોય છે.

કર્મના આ સિદ્ધાંતને સમજવો અત્યંત જરૂરી છે. કર્મના સિદ્ધાંત જેને સમજાઈ જાય છે, તે પોતાના futureનું planning પણ કરી શકે છે અને futureને bright પણ કરી શકે છે. તે પોતાની ઈચ્છા પ્રમાણેનું family પણ ભવિષ્યમાં મેળવી શકે છે.

મને કેમ આવું family મળ્યું ?

એનું એક માત્ર reason છે, તમે બાંધેલાં તમારા જ કર્મો, તમારે ભોગવવાના છે ! The reason behind everything is only and only - my karma!

# શું હું પુણ્યવાન છું ?

-પરમ ગુરુદેવ



તમે જે પુણ્ય કે પાપ ભોગવો છો, તે તમારા જ હોય કે અન્યના કારણે હોય ?

તમે ઘરમાં, સમાજમાં, સંસારમાં, પરિવારમાં સુખી છો કે દુ:ખી છો તે તમારા જ કર્મોના કારણે છો કે અન્યના પુણ્ય અથવા પાપના કારણે છો ? તમારા જ કર્મોના કારણે, right?

એક દિવસ એક નાવમાં ઘણા બધાં ભાવિકો સામે પાર જઈ રહ્યાં હતાં, અચાનક cyclone આવે છે અને નાવ હાલક-ડોલક થવા લાગે છે, બધાં ગભરાઈ જાય છે, પણ એ જ નાવમાં એક પુણ્યાત્મા હોય છે, જે સ્વયંની ધ્યાન સાધનામાં સ્થિર હોય છે, એ પુણ્યાત્માના પુણ્ય એટલાં ઉત્કૃષ્ટ હોય છે કે cycloneની વચ્ચે પણ નાવ ડૂબતી બચી જાય છે અને એમાં બેઠેલાં બધાં ભાવિકો પણ બચી જાય છે.

આપણા સુખ-દુ:ખનું કારણ આપણા જ કર્મો હોય, આપણા જ પાપ-પુણ્ય હોય તો એ પુણ્યાત્માના પુણ્યની અસરથી નાવના બધાં ભાવિકો કેવી રીતે બચી ગયાં ?

ભગવાને કહ્યું છે; આપણે સહુ નિમિત્ત આધીન જીવો છીએ એટલે આપણી આસપાસના નિમિત્તોની અસર આપણને થાય છે, આપણી આસપાસ જો કોઈ પુણ્યવાન આત્મા હોય તો, આપણા પાપ પણ પુણ્યમાં convert થઈ શકે છે અને આપણી આસપાસ જો કોઈ પાપી વ્યક્તિ હોય તો આપણા પુણ્ય, પાપમાં convert થઈ શકે છે.

કહેવાય છે કે, જ્યાં પરમાત્મા મહાવીર વિચરણ કરતાં હતાં, ત્યાં સવા યોજનના વિસ્તાર સુધી ક્યાંય રોગ-શોક, દુ:ખ-દારિદ્રય, માર-મરકી, પીડા-વેદના ન હતાં. કેમ કે, પરમાત્મા મહાવીરના પુણ્ય એટલાં શ્રેષ્ઠ અને ઉત્કૃષ્ટ હતાં, પણ આની પાછળ પણ એક સિદ્ધાંત કામ કરે છે.

જૈનદર્શનના સિદ્ધાંતમાં, કર્મ બે પ્રકારના હોય; નિદ્ધત કર્મ અને નિકાચિત કર્મ !

જો તમારા કર્મ નિદ્ધત હોય, અર્થાત્ flexible હોય તો જ તમારા પાપ, પુણ્યમાં અને પુણ્ય, પાપમાં convert થઈ શકે. પણ જો તમારા કર્મ નિકાચિત હોય, અર્થાત્ fix હોય, તો સ્વયં ભગવાન પણ એમાં changes લાવી ન શકે. એ તો તમારે ભોગવવા જ પડે !

એકના પુણ્ય અનેકના પુણ્યનું કારણ બની શકે છે.

ભગવાન શાંતિનાથનો જન્મ થયો અને આખા નગરમાં, આખા રાજ્યમાં બધાંને શાંતિ અને સમાધિનો અહેસાસ થવા લાગ્યો.

વર્ધમાન-મહાવીરનો જન્મ થયો અને આખા રાજ્યમાં સુખ-સમૃદ્ધિ અને બધાંના ભાવો.. બધું જ વર્ધમાન.. વર્ધમાન થવા લાગ્યું.

માટે જ, હંમેશાં પુણ્યવાન વ્યક્તિની આસપાસ રહેવું જોઈએ, પુણ્યાત્માના શરણમાં રહેવું જોઈએ.

એક પુણ્યવાન આત્મા તમારી આસપાસ હોય તો તમારે દુ:ખ ઓછું ભોગવવું પડે, તમારા પાપકર્મ ઓછા બંધાય, તમને તકલીફ ઓછી આવે અને તમારા problems તરત જ solve થઈ જાય. કેમ કે, એ નિમિત્તની અસર હોય !

તમે ઘણીવાર ઘણાને કહેતાં સાંભળ્યું હશે કે, અમારા ઘરમાં અમારા વડીલ 'બા' હતાં, ત્યાં સુધી ઘરમાં ખૂબ જ જાહોજલાલી

હતી, ઘરમાં દાદા હતાં ત્યાં સુધી સહુમાં સંપ હતો અને સમૃદ્ધિ પણ હતી. એમની વિદાય પછી બધું ઓછું થવા લાગ્યું. ઘણા કહેતાં હોય છે, અમારા ઘરમાં વહુ આવી અને સંપત્તિ વધવા લાગી.એના પગલાં પુણ્યશાળી પગલા છે.

બા, દાદા, વહુ બધાં પુણ્ય નિમિત્તો હોય છે. એમના પુણ્યની અસર આખા પરિવારને થતી હોય છે.

પુણ્ય કે પાપ ક્યારેય transfer ન થાય, પોતાના પુણ્ય-પાપ પોતે જ ભોગવવા પડે, પણ અન્યના પુણ્ય-પાપની અસર થઈ શકે, જો તમારા કર્મ નિદ્ધત હોય તો !

Check કરો... તમે કેવા છો ?

શું તમે પુણ્યવાન છો ? તમારી આસપાસવાળા તમારાથી સુખી છે ? તમારાં પગલાં પુણ્યવાન છે કે તમારા પગલાંથી જ્યાં જાવ ત્યાં problems create થાય છે ?

શું હું પુણ્યવાન છું ? મારા પગલાં પુણ્યવાન છે ?

**યાદ રાખજો, જે સરળ વ્યક્તિ હોય, એ પુણ્યવાન હોય. જે smart હોય, એનાં પગલાં ક્યારેય પુણ્યવાન ન હોય.**

જે સરળ હોય એનું heart pure હોય, એની aura શુભ હોય, એના હૃદયમાં સર્વના હિતની ચિંતા હોય. જે smart હોય, જે પોતાને ચાલાક માનતા હોય, જેના હૃદયમાં માયા અને કપટ હોય, જે બુદ્ધિનો ઉપયોગ કરી, દરેક વાતમાં calculation કરતાં હોય, એની aura black હોય, એટલે એ જ્યાં જાય ત્યાંનું વાતાવરણ પણ black થઈ જાય. આવી વ્યક્તિ પોતે પણ પાપ બાંધે અને સામે વાળાને પાપનો બંધ કરાવે, જ્યારે સરળ વ્યક્તિ જ્યાં જાય ત્યાં સામેવાળાની auraને પણ white અને શુભ કરી દે. એટલે સામેવાળા પણ શાંતિ અને સમાધિ પામે, એ પણ પુણ્યનો બંધ કરે !

તમારા નિમિત્તે કોઈ સુખી થાય છે કે દુ:ખી થાય છે ?

તમારા નિમિત્તે કોઈ સુખી થાય તો તમને પણ પુણ્ય બંધાય અને તમારા નિમિત્તે કોઈ દુ:ખી થાય તો તમને પણ પાપ બંધાય.

શ્રેષ્ઠ શું ? સરળ બનવું જોઈએ કે smart બનવું જોઈએ ? White auraવાળા કે black auraવાળા ?

**Smart બનવાથી short term benefit અને long termનો loss હોય છે, જ્યારે સરળ બનવાથી કદાચ ક્યારેક કોઈ cheat કરી જાય તો short term loss થાય પણ long term તો benefit જ થાય.**

તમારા નિમિત્તે કોઈ પુણ્ય બાંધે છે, તો સમજવાનું તમે સરળ છો. તમને જોઈને કોઈને શાતા અને સમાધિ મળે છે, તમને મળવાથી કોઈ હળવાશનો અનુભવ કરે છે, તમારા આવવાથી કોઈના ચહેરા પર પ્રસન્નતા આવી જાય છે, તો સમજજો તમે પુણ્યવાન છો. પુણ્યવાનના આ હોય છે, check point !

પુણ્યાત્મા નાવમાં હોય તો નાવ ડૂબી ન શકે, પુણ્યવાન વ્યક્તિ પરિવારમાં હોય તો પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ હોય, પુણ્યવાન વ્યક્તિ સમાજમાં હોય, તે સમાજની પ્રગતિ હોય.

ઘરમાં, પરિવારમાં, સમાજમાં જે વ્યક્તિ ધર્મપુણ્ય કરતાં હોય, એમાં એમને support કરવો જોઈએ, એની અનુમોદના કરવી જોઈએ. જેથી એમના પુણ્યમાં વૃદ્ધિ થાય અને એની અસર બધાંને અનુભવાય.

પુણ્યવાન એ હોય, જે મોટાભાગે સદ્ગુણી હોય, પરમાર્થી હોય, જેની અંદરમાં let go કરવાની ભાવના હોય ! પુણ્યવાન એ હોય, જેની અંદરમાં કોઈ પક્કડ ન હોય ! પુણ્યવાન એ હોય જે છોડી શકે !

તમારા સુખ-દુ:ખનું reason તો તમારા જ કર્મો હોય છે પણ પુણ્યવાનની નિશ્રામાં રહેવાથી તમારા પાપકર્મ જો નિદ્ધત હોય તો પુણ્યમાં convert થઈ શકે છે.



# મને મળતી સજાના REAL ગુનેગાર કોણ ?

-પરમ ગુરુદેવ

જે વ્યક્તિ ધર્મ કરતી હોય, જેને ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોય, વિશ્વાસ હોય એના જીવનમાં હંમેશાં શાંતિ અને સમાધિ હોય. ધર્મ ક્યારેય અશાંતિ કે અસમાધિ ન આપે, ધર્મ ક્યારેય વ્યક્તિને disturb ન કરે.

કેમ કે, ધર્મનો base કર્મ સિદ્ધાંત છે, ધર્મને direct relation કર્મ સાથે હોય છે, અને કર્મને direct relation સ્વયંની સાથે હોય છે. કર્મ સિદ્ધાંત જેને સમ્યક્રૂપે સમજાઈ જાય, તેના જીવનમાં always શાંતિ અને સમાધિ હોય.

ધર્મ આપણને self observation અને self realisation શીખડાવે છે અને સંસાર હંમેશાં એ શીખડાવે છે કે, તે વ્યક્તિએ આ કાર્ય કર્યું છે, તેણે આ કૃત્ય કર્યું છે, તેનો જ વાંક છે, તેને આમ ન કરવું જોઈએ. સંસાર હંમેશાં બીજાને ગુનેગાર સાબિત કરે છે. જ્યારે ધર્મ અને કર્મ સિદ્ધાંત શીખડાવે છે, તારી સાથે જે થાય છે, તે તારા કર્મ પ્રમાણે થાય છે. ગુનેગાર તે નહીં, તારા સ્વયંના કર્મો છે. તને જે ભોગવવું પડે છે, તને જે સજારૂપ લાગે છે, તેનો ગુનેગાર અન્ય કોઈ નથી, તે જ બાંધેલાં તારા કર્મો છે.

જ્યારે આપણે બીજાને ગુનેગાર માનીએ છીએ ત્યારે આપણી અંદરમાં તે વ્યક્તિ માટેનો ગુસ્સો વધી જાય છે, તેના પ્રત્યેની negativity વધી જાય છે, તેના પ્રત્યે આક્રોશ વધી જાય છે. પણ જ્યારે તમે, તમને જ ગુનેગાર માનો છો, ત્યારે તમે તમારા પર વધારે ગુસ્સો કરી શકતાં નથી. તમે તમારા પ્રત્યે વધારે negative થતાં નથી. તમને જ્યારે realise થાય છે કે, મારા problemsનું કારણ મારા કર્મો છે, ત્યારે તમારી આ સમજ જ તમારું સમાધાન બની જાય છે, આ સમાધાન જ તમારી શાંતિ અને સમાધિનું કારણ બની જાય છે.

**કોઈ તમને પૂછે કે, ધર્મ એટલે શું ?**

**તમારો પ્રત્યુતર હોવો જોઈએ કે, જ્યાં સમાધિ છે, ત્યાં ધર્મ છે અને જ્યાં ઉપાધિ છે, ત્યાં અધર્મ છે.**

ધર્મના ક્ષેત્રમાં આવીને પણ તમને અશાંતિ અને અસમાધિનો અનુભવ થતો હોય તો સમજજો, તમે જાણતાં - અજાણતાં ક્યાંક ને ક્યાંક તમારા problemનું કારણ અન્યને માનો છો, તમારી તકલીફ માટે અન્યને ગુનેગાર માનો છો.

સંસારના ક્ષેત્રમાં પણ તમને જ્યાં-જ્યાં, જ્યારે-જ્યારે શાંતિ અને સમાધિનો અનુભવ થતો હોય, ત્યારે તમે તમારી selfનું observation કરશો, તો તમને realise થશે, તમારી સમસ્યા માટે, તમે તમને ગુનેગાર માનો છો.

તમે જ્યારે તમને ગુનેગાર માનો છો, ત્યારે તમે તમારા કર્મોની સજાને ઘટાડી દો છો. જ્યારે તમે બીજાને ગુનેગાર માનો છો, એટલે એના ગુનાને સાબિત કરવા તમે અનેક પ્રયાસ કરો છો અને એમાં જ્યારે સફળતા મળે, ત્યારે પોતાની self માટે અહંકાર કરો છો, આનંદ અનુભવો છો, જેનાથી તમારા કર્મબંધ વધે છે, અને જો બીજાનાં ગુનાને સાબિત કરવામાં નિષ્ફળતા મળે તો ? તમે અશાંતિ અને ઉદ્વેગ અનુભવો છો, જેનાથી પણ તમારા કર્મબંધ વધે છે. માટે, એક simple સમજ છે, તમે અન્યને ગુનેગાર માનો છો, ત્યારે તમારી સ્વયંની અશાંતિને આમંત્રણ પત્રિકા આપો છો.

માટે જ, ધર્મ એટલે શું છે ?

ધર્મ એટલે પોતાની selfને ગુનેગાર માનીએ તેવી art!

ધર્મ એટલે સ્વયંને ગુનેગાર સાબિત કરીએ એવી સમજ !

ધર્મ એટલે સ્વયંને સજા આપી શકીએ એવા judge!

**જ્યાં બીજા ગુનેગાર, ત્યાં અધર્મ,**

**જ્યાં હું જ મારો ગુનેગાર, ત્યાં ધર્મ !**

**દરેક પરિસ્થિતિમાં હું મને,**
**મારો ગુનેગાર માનું, એ મારો પ્રથમ ધર્મ !**

જગતમાં જેટલાં પણ યુદ્ધ થાય છે, તે મોટા ભાગે બીજાને ગુનેગાર માનવાના કારણે થતાં હોય છે. બીજાને ગુનેગાર માનવાથી, આપણને એ ગુનો પણ મોટો લાગતો હોય છે.

અનંતકાળની આપણી belief હોય છે કે, આપણી સાથે જે કાંઈ થાય, એના ગુનેગાર બીજા જ હોય છે એટલે આપણા શબ્દોમાં, આપણી વિચારધારામાં અને આપણી મનોવૃત્તિમાં આપણી એ belief reflect થતી હોય છે.

માનો કે, તમે તમારા સ્વજનના ઘરે બપોરે lunch માટે ગયા હોય અને પછી તમારી healthમાં કોઈ problem થાય, તમને પેટમાં દુખાવો થાય તો તમને first thought શું આવશે ? આજે બપોરે તે ભાઈના ઘરે lunch લીધો અને મને પેટમાં દુખાવો શરૂ થયો ! Realમાં તો તમારા અશાતા વેદનીય કર્મનો ઉદય થયો, એટલે પેટમાં દુખાવો થયો ! પણ તમે ગુનેગાર કોને માન્યા ? જો તમે realમાં ધર્મ કરતાં હો, તમને કર્મની theory ખબર હોય, તો તમે પોતાને જ ગુનેગાર માન્યાં હોત ! તમને ખબર જ હોય કે, કોઈપણ પ્રકારની પીડા કે વેદનાનું કારણ મારા અશાતા વેદનીય કર્મ છે.

માટે જ, ધર્મ આપણને શું શીખડાવે છે ?

ધર્મ આપણને શીખડાવે છે, પોતાને ગુનેગાર માનવાની કળા !

મને મળતી સજાનો ગુનેગાર હું જ છું, મારા કર્મો છે, એ સત્ય શીખડાવે છે, ધર્મ ! એ સમજ આપે છે, ધર્મ ! અને જ્યાં આ સત્યની સમજ છે, ત્યાં શાંતિ અને સમાધિ છે !

જગતમાં સૌથી difficultમાં difficult કોઈ art હોય, તો એ છે, સ્વયંને સ્વયંના ગુનેગાર માનીએ એ art! જ્યારે બીજાને ગુનેગાર માનવાની art, બીજાને ગુનેગાર સાબિત કરવાની art બહુ જ easy હોય છે.

તારા કારણે મારી સાથે આમ થયું, તારા કારણે અત્યારે મારે આ બધું સહન કરવું પડે છે, મારો વાંક ન હોવા છતાં, મારે એની સજા ભોગવવી પડે છે... આવા statement આપવા, આવા શબ્દ પ્રયોગ કરવા બહુ easy છે, પણ અત્યારે મારા અશાતા વેદનીય કર્મનો ઉદય છે, એટલે મને પેટમાં દુખાવો થાય છે, આ statement આપવું અઘરું છે. આ statement ત્યારે જ આપી શકાય જ્યારે કર્મની સમજ હોય.

આજે મોટાભાગના ઘરોમાં, businessમાં, સમાજમાં કે દેશમાં જે નાના કે મોટા problems create થાય, તેનું main reason શું હોય ? તેનું root cause શું હોય ?

આજે ભાઈ-ભાઈ વચ્ચે, સાસુ -વહુ વચ્ચે, દેરાણી-જેઠાણી વચ્ચે કે પછી husband-wife વચ્ચે જે નાના-મોટા સંઘર્ષ થાય, જે સમસ્યાઓ સર્જાય, તેમાં મુખ્ય કારણ હોય, સામેવાળાને અયોગ્ય માનવા, સામેવાળાને દોષિત માનવા, સામેવાળાને ગુનેગાર માનવા અને એના કારણે જ હું દુ:ખી છું, એવું માનવું !


પોતાના દુ:ખનું કારણ બીજાને માનવું, એનાથી વધારે અજ્ઞાન બીજું શું હોઈ શકે ? અને બીજાને ગુનેગાર માની selfને મહાજ્ઞાની માને એ કેવા લાગે ?

એક line યાદ રાખવાની...

**મારી દરેક સજાનો ગુનેગાર હું છું, મારા કર્મો છે, મારી દરેક સમસ્યાનો, મારી દરેક અશાતાનું કારણ બીજા કોઈ નહીં, મારા સ્વયંના કર્મો જ છે ! !**

# શું હું શુભ પ્રેરક છું ? ?

-પરમ ગુરુદેવ



જગતમાં બે પ્રકારના પ્રેરક વ્યક્તિ હોય, એક હોય શુભ પ્રેરક અને એક હોય સુખ પ્રેરક !

શુભ પ્રેરક હોય તે દરેકના હૃદયમાં શુભ ભાવનાઓ પ્રગટાવે અને દરેકના શુભની ભાવના ભાવે. જ્યારે જે સુખ પ્રેરક હોય તે સુખની પ્રેરણા કરે, સુખમાં સહુને જોડે અને સુખની પ્રવૃત્તિઓ કરાવે.

**શુભની પ્રવૃત્તિઓમાં શુભ પ્રેરકની સાથે રહેવું લાભદાયી હોય છે, જ્યારે સુખની પ્રવૃત્તિઓમાં એકલાં રહેવું લાભદાયી હોય છે.**

આપણે બધાં નિમિત્ત આધીન જીવો છીએ. એટલે આપણી સાથે જેવા વ્યક્તિઓ હોય, એના ભાવોની અસર આપણી ભાવનાઓ પર થતી હોય છે. જ્યારે આપણી આસપાસ શુભ પ્રેરક તત્ત્વો હોય તો આપણા શુભ ભાવ strong થાય અને જ્યારે આપણી આસપાસ અશુભ પ્રેરક તત્ત્વો હોય ત્યારે આપણા અશુભ ભાવ strong થાય.

તમે કેવા પ્રેરક છો ? શુભ પ્રેરક છો કે સુખ પ્રેરક ?

**યાદ રાખજો, શુભકાર્યમાં, શુભ પ્રવૃત્તિઓમાં કોઈને સાથે જોડવાથી, શુભકર્મો વધે છે અને સુખની પ્રવૃત્તિઓમાં કોઈને સાથે જોડવાથી, તમે તો પાપકર્મ બાંધો છો, પણ અન્યને પણ એ પાપ પ્રવૃત્તિમાં જોડી, એને પણ પાપના ભાગીદાર બનાવો છો.**

માનો કે, તમારે ગુરુ કે સંત-સતીજીના સાંનિધ્યે ચાતુર્માસ કરવા જવું હોય, પર્યુષણ પર્વની આરાધના કરવા જવું હોય કે ભાવ સંયમ સાધના-ઉપધાન તપ કરવા જવું હોય તો તમે શું કરશો ? તમે તમારી ticket book કરાવીને પહોંચી જશો, પણ માનો કે, તમારે hill station ફરવા જવું છે, તમારે Dubai shopping કરવા જવું છે અથવા summer vacationમાં Singapore જવું છે, ત્યારે તમે શું કરશો ?

તમે તમારા બે-ચાર friendsને phone કરશો. એમને સાથે આવવા આગ્રહ કરશો. એમને તે placesની એટલી બધી લોભાવનારી વાતો કરશો અને પૂરા પ્રયત્નો કરશો કે, કોઈ તો તમારી સાથે આવે, તમારા સુખમાં સાથ આપે !

જ્યાં પણ સુખના કારણો હોય, ત્યાં પાપકર્મનો, અશુભકર્મોનો બંધ હોય અને જ્યાં પણ શુભના કારણો હોય, ત્યાં શુભકર્મોનો બંધ હોય. સુખના કારણમાં અન્યને સાથે જોડવાથી, તમે તમારા પાપને double કરો છો. સુખમાં આનંદ વધારે હોય, ખુશી વધારે હોય, એમાં attachment અને involvment વધારે હોય એટલે જે પાપકર્મો બંધાય, તે નિકાચિત બંધાય અને તે ભોગવવા જ પડે !

સુખમાં જેટલાં એકલાં, એટલાં કર્મબંધનો ઓછા !

સુખમાં એકલાં રહેવાથી mostly નિદ્ધત કર્મ બંધાય, જે નાનકડી સાધના કે સત્કાર્યથી ક્ષય કરી શકાય.

**મોટાભાગની વ્યક્તિઓને સુખ ભોગવવા કરતાં સુખ દેખાડવું વધારે ગમતું હોય છે.**

માનો કે, તમે ઘરમાં એકલાં છો અને તમે કોઈ પણ નવી item purchase કરશો, કોઈ ornament લાવશો, તો તમે લાવીને ઘરમાં એની place પર મૂકી દેશો, પણ માનો કે, તમારી આસપાસ ઘણા બધાં neighbours છે, તમારા ઘણા બધાં friends છે, relatives છે, તો તમે શું કરશો ?

તમે તે બધાંને બતાવશો, માત્ર બતાડશો નહીં, પણ તેઓ

તમારી તે વસ્તુને appreciate કરે, એના વખાણ કરે, ક્યાંથી લાવ્યાં, કેટલાનું લાવ્યા, એવા પ્રશ્નો પૂછે, એવી અપેક્ષા પણ રાખશો.

જેટલું સુખ બીજાને બતાડીએ, એટલાં પાપ નિકાચિત બંધાય.

સુખમાં સાથ નિકાચિત કર્મનું કારણ છે.

શુભ પ્રેરક વ્યક્તિ શુભભાવને વધારે છે.

મોટા ભાગની વ્યક્તિઓ સુખ પ્રેરક હોય છે.

સુખ પ્રેરક વ્યક્તિ હંમેશાં સાથ શોધતી હોય છે. તેને shopping કરવા જવું હોય તો પણ કોઈનો સાથ શોધશે, ચાલને ! આપણે mallમાં જઈએ, નવું જોવા મળશે !

જ્યારે વ્યક્તિ એકલી shopping કરવા જાય છે, ત્યારે તે તેને જેટલી જરૂર હોય છે, એટલું જ shopping કરીને આવી જાય છે, પણ જ્યારે બીજા કોઈ સાથે હોય છે, ત્યારે show off કરવા જરૂર કરતાં પણ વધારે shopping કરે છે, વધારે પાપ બાંધે છે અને બંધાવે છે.

માટે જ, હંમેશાં શુભ પ્રેરક બનવું !

માનો કે, તમે પર્વાધિરાજ પર્યુષણની આરાધના કરવા જઈ રહ્યાં છો, ત્યારે તમે તમારા friends, relatives અને આસપાસના 5-10-50-100 વ્યક્તિને પ્રેરણા કરો, પર્વાધિરાજ પર્યુષણ એટલે આત્મશુદ્ધિની આરાધના છે, ક્ષમાપનાનો ઉત્સવ છે, ભવોભવના પાપોની આલોચના કરવાનો અવસર છે, તમે પણ આવો, સાધના આરાધના કરો, તમે એક પ્રકારની હળવાશનો અહેસાસ કરશો.

તે બધાં જ્યારે પ્રતિભાવ આપે, તમારો આભાર માને કે, સારું કર્યું તમે અમને અહીં લઈ આવ્યાં, અમને આટલી શ્રેષ્ઠ સાધનાનો લાભ મળ્યો, અમારા મનની કડવાશ દૂર થઈ ગઈ... હવે અમે દર વર્ષે તમારી સાથે આવીશું... શું થયું ?

એમના ભાવો તો શુભ થયાં અને તમારા શુભ ભાવોની પણ વૃદ્ધિ થઈ ગઈ !

તમે માનો કે, ધર્મ ચક્ર, સિદ્ધિતપ કે માસક્ષમણ જેવી તપ સાધના કરી રહ્યાં છો, તમે પ્રેરણા કરો, તમે પણ મારી સાથે જોડાઈ જાવ, એક ઉપવાસ કરી જુઓ, શાતા લાગે તો આગળ કરજો. હવે, તે વ્યક્તિ જેટલાં ઉપવાસ કરે, એની અનુમોદનાનો લાભ તમને મળે કે નહીં ?

**શુભમાં જેટલાં વધારેને જોડીએ,**
**એટલો શુભનો ગુણાકાર થાય.**

સુખમાં બધાંને સાથે રાખવા, તે તમારી અનંતકાળની belief છે, તે તમારી વિચારધારા છે, એટલે જ સુખમાં બધાંને ભેગા કરવાનું મન થાય છે. Birthday party, anniversary party, લગ્ન પ્રસંગ, get to gather, promotion party અને welcome party જેવા આયોજન દ્વારા બધાંને સાથે જોડવાનું અને બધાંને પોતાનું સુખ બતાવી, સુખ પ્રેરક બનવાનું મન થાય છે.

**યાદ રાખજો, સંસારના સુખમાં જેટલો interest વધારે, એટલા નિકાચિત કર્મ વધારે.**

જૈનદર્શનમાં એક શબ્દ આવે છે, સામુદાનિક કર્મ ! સમૂહમાં બાંધેલાં કર્મો સમૂહમાં ભોગવવા પડે. Parties, functions વગેરે દ્વારા સમૂહમાં બાંધેલાં પાપ કર્મ સમૂહમાં ભોગવવા પડે છે, જેમ કે, plane crash, flood, earthquake વગેરેમાં એક સાથે અનેક વ્યક્તિઓની વિદાય થાય છે.

શુભના પ્રેરક બનીને, સામુદાનિક શુભ કર્મનો બંધ કરીએ તો શુભની દરેક પ્રવૃત્તિઓમાં આપણને શુભનો support મળે. સમૂહમાં સાધના, આરાધના અને તપસ્યા કરવાથી શુભભાવના strong થાય, શ્રેષ્ઠ થાય અને શુભભાવોની વૃદ્ધિ થાય.



# શું હું સત્ નિમિત્ત છું ?

-પરમ ગુરુદેવ

તમારી આસપાસ બે નિમિત્ત હોય છે, સત્ નિમિત્ત અને અસત્ નિમિત્ત ! સત્ નિમિત્ત કર્મોને ઘટાડવાવાળા હોય અને અસત્ નિમિત્ત કર્મોને વધારવાવાળા હોય !

તમારા સાથી, તમારા મિત્રો, તમારા જીવનસાથી એવા હોવા જોઈએ, જેના સદ્‌ગુણો તમારા કરતાં વધારે હોય અથવા તમારા જેટલાં જ હોય, પણ તમારાથી ઓછાં તો ન જ હોય !

ભગવાને પણ 1 check point આપી દીધો, કોની સાથે રહેવું જોઇએ ?

જેની પાસે તમારા કરતાં વધારે quality હોય or તમારા જેટલી quality હોય, તેની સાથે રહેવું.. પણ જેની પાસે good qualities કરતાં bad qualities વધારે હોય તેમની સાથે ન રહેવું જોઇએ.

તમે જ્યારે પણ કોઈને તમારા friend બનાવો, તમારા જીવનસાથી બનાવો, ત્યારે પહેલાં check કરો, એની qualities, એની સદ્‌ભાવના મારામાં ગુણોની વૃદ્ધિ અને મારા અવગુણોની શુદ્ધિ કરાવે એવા છે કે નહીં ?

આવા સાથી હંમેશાં આપણા જીવનને ઉર્ધ્વગમન કરાવનારા હોય છે, આપણી lifeને best બનાવનારા હોય છે, આપણા આત્માના હિતચિંતક હોય છે, આપણને હંમેશાં positive way તરફ લઈ જનારા હોય છે.

જેમનો સાથ તમારો અહમ્ વધારે, તમારામાં વિકાર વધારે, તમારા દોષોને વધારે, તેમનો સાથ વહેલી તકે છોડી દેવો જોઈએ.

એવી કહેવત પણ છે; જેવો સંગ, તેવો રંગ !

સાથેવાળાના ગુણ-અવગુણની અસર થયાં વિના રહે નહીં !

તમારા સાથીઓ પાસેથી જેવી પ્રેરણા મળશે, એવો તમારો પુરુષાર્થ થશે. સત્‌ની પ્રેરણા મળશે તો સત્‌ની દિશામાં પુરુષાર્થ થશે, અસત્‌ની પ્રેરણા મળશે તો અસત્‌ની દિશામાં પુરુષાર્થ થશે.

એક હોય છે, બ્રાહ્મી-સુંદરી, જે બે બહેનો સત્ નિમિત્ત બની ભાઇ બાહુબલીના અહમ્‌ને તોડાવી મોક્ષની દિશામાં પુરુષાર્થ કરાવે છે અને એક હોય છે, રાણી પદ્માવતી જે પોતાના જીવનસાથી રાજા કોણિકને, એક દિવ્ય હાથી માટે એમના જ બે સગા ભાઈઓ હલ અને વિહલ સાથે યુદ્ધ કરવા પ્રેરિત કરે છે.

તમારી આસપાસ જેટલા સત્ નિમિત્તો વધારે હશે એટલો તમારો આ અમૂલ્ય મનુષ્ય ભવ સફળ થશે અને જેટલાં તમારી આસપાસ અસત્ નિમિત્ત વધારે હશે, એટલો તમારો આ અમૂલ્ય ભવ નિષ્ફળ થશે !

માનો કે, તમે કોઈ જરૂરિયાતમંદને સહાય કરવા ઈચ્છો છો, કોઈને કાંઈ અર્પણ કરવા ઈચ્છો છો, તો જો તમારા સાથી અસત્ નિમિત્ત હશે તો તરત જ તમને અટકાવશે, તમને રોકશે અને તમારા દાનાંતરાય કર્મોને વધારશે.

જો તમે તપસ્યા કરવાના ભાવ કરશો, તો તરત જ કહેશે, તમે તપસ્યા કરશો તો ઘરનું શું થશે ? અથવા તમારી health બગડશે તો ? તમારા શરીરમાંથી જરૂરી proteins-vitamins ઓછા થઈ જશે તો ? અત્યારે નહીં કર, પછી કરજે.

જો તમારા સાથી સત્ નિમિત્ત હશે તો તમારી દાનભાવનાને appreciate કરશે, તમને વધુ અર્પણ કરવા, વધારે સહાય કરવા ઉત્સાહિત કરશે. તમને weak નહીં પાડે, પરંતુ તમને support

કરશે. તમારી તપસ્યાની ભાવનાને પ્રોત્સાહિત કરશે. 'તમારા જે ભાવ છે, તે કરો ! અમે બધાં તમારી સાથે છે, અમે બધું સંભાળી લેશું, તમે તપ સાધનામાં તલ્લીન બની કર્મોની નિર્જરા કરો, અમે તો નથી કરી શકતાં, અમે તમારી ખૂબ-ખૂબ અનુમોદના કરીશું.'

સત્ નિમિત્તો હંમેશાં શુભની દિશામાં, સત્યની દિશામાં, સદ્ગુણોની દિશામાં, ક્ષમાની દિશામાં, પ્રેમની દિશામાં, અપરિગ્રહની દિશામાં અને અનુકંપાની દિશામાં લઈ જાય, જ્યારે અસત્ નિમિત્તો મોહની, રાગની, પરિગ્રહની, લોભની દિશામાં લઈ જાય. પરિવારમાં પણ એક વ્યક્તિ સત્ નિમિત્ત રૂપ હોય તો આખો પરિવાર સત્ દિશા તરફ પુરુષાર્થ કરવા લાગે.

**હંમેશાં પ્રભુને પ્રાર્થના કરવી, પ્રભુ ! મળજો તો કલ્યાણ મિત્રો મળજો ! મળજો તો સત્ નિમિત્તો મળજો. જે મારું જ્ઞાન વધારે, મારું દર્શન શુદ્ધ કરે, જે મારી દાનભાવનાને પ્રોત્સાહિત કરે, જે મારા ચારિત્રને નિર્મળ બનાવે, જે મારા મોહ, લોભ, અહમ્ અને પરિગ્રહને ઘટાડે, જે મારી સાધના-આરાધના, તપ-ત્યાગમાં સહકાર આપે !**

જો તમે માતા-પિતા છો, તો તમે તમારા સંતાનો માટે સત્ નિમિત્ત છો કે અસત્ નિમિત્ત છો ? તમારા સંતાનો freely અને frankly તમારી સાથે open થાય છે ? તેમના mobileનો password તમને સામેથી આપે છે ? તમારી વાતનો 'જી' કહી સ્વીકાર કરે છે કે arguments કરે છે ? તમે એમને કેવા સંસ્કાર આપ્યાં છે ?

ઘણા મમ્મી lunch box આપતી વખતે એની 5-6 વર્ષની દીકરીને કહેતાં હોય છે કે, જો આજે lunch boxમાં તારી ભાવતી sweets અને snacks આપ્યાં છે, બધું ખાઈ લે જે, બહુ મોટી દાનવીર થઈને friendsને આપતી નહીં !

આવું શીખડાવે એ મમ્મી, સત્ મમ્મી કહેવાય તે અસત્ મમ્મી ?

My first god mother & father... માતા-પિતાને પ્રથમ પરમાત્મા કહ્યાં છે.

માતા-પિતા પ્રથમ પરમાત્મા... first god ક્યારે બની શકે ? જ્યારે નાનપણથી જ બાળકમાં સુસંસ્કારો અને સદ્ગુણો પ્રગટાવે. એમને સત્ અને સત્યની દિશા તરફ લઈ જાય, એમને ધર્મ, respect ક્ષમા, પ્રેમ, મૈત્રી અને કરુણાની સત્ સમજ આપે. એમના માત્ર આ ભવની જ નહીં, ભવોભવની ચિંતા કરે. એમના મનુષ્યભવને સાર્થક કરવાનો પુરુષાર્થ કરાવે. એમના ભૌતિક જગતના successથી ખુશ થાય પણ એમની આધ્યાત્મિક જગતની success અને પ્રગતિથી આત્માનંદ અનુભવે. Schoolમાં prize લઈને આવે તો માત્ર good કહે અને પ્રતિક્રમણ શીખીને આવે તો આગળ વધુ ને વધુ પ્રગતિ કરવા પ્રોત્સાહિત કરે !

આવા માતા-પિતા માત્ર first god નહીં, સંતાનોના કલ્યાણ નિમિત્ત હોય છે.

જે માતા-પિતા સંતાનોને સત્ય તરફ, ધર્મ તરફ લઈ જાય, તે માતા-પિતાને પરમાત્માનું રૂપ કહેવાય છે. જે માતા-પિતા સંતાનોને અધર્મ તરફ લઈ જાય, share કરવાની ના પાડે, તે માતા-પિતાને પરમાધામી કહેવાય.

પરમાધામી એટલે જે દુ:ખના કારણો સર્જે, જે કષ્ટોના નિમિત્ત સર્જે, જે problems create કરાવે, જે અશુભ ભાવોમાં નિમિત્ત બને, તેને પરમાધામી જેવા કહેવાય !

નિર્ણય કરો... મારે અન્ય માટે સત્ નિમિત્ત બનવું છે અને સત્ નિમિત્ત હોય એમને જ સાથી અને જીવનસાથી બનાવવા છે.

મારે સદ્ગુણોના નિમિત્ત બનવું છે, શાંતિ અને સમાધિના નિમિત્ત બનવું છે, શ્રેય અને કલ્યાણના નિમિત્ત બનવું છે.




# DETECTIVE Karma says:

Hello kids! I am Detective Karma.
My job is to watch every action in the world.
I keep a secret record of everything people think, say, and do.

**Let me show you**
**HOW KARMA WORKS!**

# Karma: The Invisible Boomerang

**Karma means:**
Whatever we DO
Whatever we SAY
Whatever we THINK
COMES BACK TO US
ONE DAY.



Have you ever thrown a ball against a wall?

What happens?
**BOUNCE!**
It comes right back to you.

Life works in a similar way.
This is called **KARMA!**

**Think of karma like an invisible boomerang.**



Throw KINDNESS,
**kindness**
**comes back !**



Throw ANGER,
**anger**
**comes back !**



Throw HELP,
**help**
**comes back !**



Whenever someone hurts somebody, Detective Karma drops a GREY CLOUD

Whenever someone does something good, Detective Karma drops a golden star !

**Stars bring happiness. Clouds bring problems !**

So the question is:
What are you dropping today?
Stars or Clouds ?

# DETECTIVE Karma says: Karma is SCIENCE Too!




Did you know that science also teaches something similar to karma?

**One of the most famous laws in science is Newton's Third Law of Motion, it says,**

## "Every action has an equal and opposite REACTION"

Let's see some examples.





Clap your hands
You hear a sound.



Drop a ball on the floor
It bounces back up.

Shout in a valley or empty hall
You hear your echo come back.




**Science shows us that every action creates a reaction !**

## The Super Scientist: Bhagwan Mahavir

Long ago, Bhagwan Mahavir taught a similar law for life. He explained that our **thoughts, words and actions also come back to us.**

So he asked us to always choose *KINDNESS, HELPFULNESS, FORGIVENESS and COMPASSION FOR ALL LIVING BEINGS*

**Because what we give to the world, comes back to us.**





# DETECTIVE Karma's Story Files

Case: What you give... comes back to you!
My job is to watch every action in the world.

**Whenever someone does something... I quietly note it in my Karma File.
Sooner or later... every action returns to the person who did it!**

**Let's open
some interesting cases**

## Case 1

### The Angry King

Long ago, in a previous birth,
Bhagwan Mahavir was born as a powerful king.
One day, in great anger, he ordered molten metal
to be poured into a musician's ears.
Years later, in his final birth,
a cowherd pierced Bhagwan Mahavir's ears
with sharp grass thorns.
But Bhagwan Mahavir remained calm and forgiving.

**Detective Karma says:**
Pain we give can return to us...
but forgiveness is the greatest strength.



## Case 2


### The Kind Boy Sangam

A young cowherd named Sangam,
once offered food to a Sadhu with pure respect.
This kind action created beautiful karma.
In his next birth,
he became Shalibhadra,
the richest man in the kingdom!

**Detective Karma says:**
Good actions done with
pure feelings bring wonderful results.



**Detective Karma TIP:**
Remember kids,
every ACTION
leaves a CLUE!



Case 3

## The Apple Lesson

In a previous birth, a man had peeled an apple with great pride and excitement.
Even small actions done with ego can bind karma.
**In the next birth, he became a Sadhu and had to suffer pain similar to skin being peeled like a fruit.**

**Detective Karma says:**
Karma depends not only on what you do, but also on how your emotions are while doing it..



# DETECTIVE Karma's Story Files



## Remember these 5 rules

Stay humble



Care for animals



Help others



Forgive





Be kind



# DETECTIVE Karma's Rule Book

Because in my records...
What you give
always comes back to you!

# The Karma Adventure Path — Puzzle Map Layout





## રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
## શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની
# Hernia Surgery નિમિત્તે
## દેશ-વિદેશનાં લાખો ભક્તો અને ભાવિકોએ કરી તપસ્યા, મંત્ર સાધના, માનવતા અને જીવદયાના સત્કાર્યો અને પ્રભુને પ્રાર્થના

લાખો જીવોને શાતા અને સમાધિ પમાડનાર ઋજુહૃદયી પરમ ગુરુદેવને અશાતનાનો ઉદય આવે ત્યારે કેવા દશ્યો સર્જાય એ 6th Marchનાં રોજ મુંબઈની નામાંકિત H. N. Hospitalમાં થયેલ એમની Hernia Surgery વખતે જોવા અને જાણવા મળ્યાં.



### શાતાની શીતળ લહેર પ્રસરી:

અસીમ ઉપકારી પરમ ગુરુદેવની Hernia Surgeryનાં સમાચાર સાંભળતા જ લાખો હૃદય એક અકથિત સંવેદનાથી કંપિત થઈ ગયાં. દરેકના હૃદયમાં, દરેકના મનમાં એક જ ચિંતન ચાલતું હતું... 'મારા પરમ ગુરુદેવની surgeryની સફળતા અને એમની શાતા માટે હું શું કરું ?'

અને દેશ-વિદેશનાં લાખો ઘરોમાં મંત્રનાદ ગુંજવા લાગ્યા...

|| मम गुरुदेवस्स आरुग्ग बोहिलाभं भवतु ||

અને || ઉવસગ્ગહરં પાસં પાસં વંદામિ ||

6th,7th & 8th March, ત્રણ દિવસમાં તો કરોડો મંત્રનાદ ગુંજ્યાં, પ્રભુને પ્રાર્થનાઓ થઈ અને હજારો આયંબિલ તપની આરાધના થઈ.

સર્વ જીવોને શાતા પમાડવાની સદ્ભાવનાથી માનવતા અને જીવદયાના સત્કાર્યોનો જાણે ધોધ વહેવા લાગ્યો...

પરમ ગુરુદેવ પ્રેરિત દરેક Missions, દરેક સંકુલના સેવકો, દેશ-વિદેશના ગુરુભક્તો અને ભાવિકો શુભ ભાવ સાથે જોડાયા અને દરેક ક્ષેત્રમાં, દરેક વ્યક્તિ દ્વારા શાતાના સત્કાર્યો થયાં.

- એક લાખથી વધુ કૂતરાને રોટલી અને દહીં-ભાતનું ભોજન.
- ગાયોને ઘાસચારો અને ગોળનું પાણી.
- પક્ષીઓને ચણ.
- માછલીઓને અભયદાન.
- રસ્તે રઝળતાં ઘાયલ પશુ- પંખીઓના ઉપચાર માટે medical facilities.

### એ સાથે જ અલગ અલગ શહેરોમાં:

Hospitalમાં patients માટે free check ups અને treatment માટે support એવમ્ fruits અને સાત્વિક ભોજનની અર્પણતા.

- અનેક નાના-નાના ગામોમાં જરૂરીયાતમંદને educational kit, Dry fruits, Fruits, Ice-cream અને સાત્વિક ભોજનની અર્પણતા.
- Maternity wardમાં new born babies અને માતાને nutritional kit.
- અનેક દર્દીઓની herniaની surgeryમાં આર્થિક સહાયતા.
- વૃદ્ધાશ્રમ અને બાલાશ્રમમાં બધાને medicinal support અને essential kitની સાથે સ્નેહની અર્પણતા.

પરમાત્માની કૃપા, ગુરુવર્યોના આશીર્વાદ, પરમ ગુરુદેવની સાધનાસિદ્ધિ, વિશાળ સમુદાયની સદ્ભાવના, પ્રાર્થનાબળ અને અબોલ જીવોના મૂક આશિષથી પરમ ગુરુદેવની Herniaની surgery જે લગભગ ત્રણ કલાકની હતી, તે નિર્વિઘ્ન, સફળતાપૂર્વક સંપન્ન થઈ.

**અપકારી પર પણ ઉપકાર કરનાર પરમ ગુરુદેવ ઉપકારીના ઉપકારને કેવી રીતે ભૂલે ?**

Surgery પછી semi concious અવસ્થામાં પ્રથમ વાર એક ક્ષણ માટે પરમ ગુરુદેવની આંખ ખુલી અને એમના શ્રીમુખમાંથી પ્રથમ શબ્દ સર્યા... **'તમે Doctorsને Thank You કહ્યું ?'**

## નિઃસ્વાર્થ સેવાની સરવાણી વહી :

H. N. Hospitalના નિષ્ણાંત અને અનુભવી Doctors શ્રી મુફ્ફઝલ લકડાવાલા અને ડૉ. શ્રી હેમંતભાઈ મહેતા અને ડૉ. શ્રી તરંગ ગિયાનચંદાણીજી અને એમની team એ નિઃસ્વાર્થ ભાવે પરમ ગુરુદેવની surgery અને post operative care દ્વારા ભક્તિ અને સેવાના દર્શન કરાવ્યા હતા.

પૂજ્ય શ્રી પરમ વિનમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંતો અને પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજી આદિ પરમ મહાસતીજીઓ, ગુરુભક્તો, hospitalના trustees, શ્રેષ્ઠીવર્યો અને રાજનેતાઓ પરમ ગુરુદેવની શાતાની પળે-પળે ખેવના કરતાં હતાં, નિઃસ્વાર્થ



ભાવે સેવા અર્પણ કરતાં હતાં અને પરમ ગુરુદેવ મૂકભાવે એક સૌમ્ય smile સાથે સર્વેની સેવાની ભાવથી, અંતરથી અનુમોદના કરતાં હતાં.

## વેદના વચ્ચે પણ આત્મપ્રસન્નતા :

દેહમાં અસહ્ય વેદના હોવા છતાં પણ પરમ ગુરુદેવ તો એમના આત્મભાવોમાં જ મસ્ત રહેતાં હતાં. છદ્મસ્થ હોવાના કારણે ક્યારેક-ક્યારેક વેદનાની રેખા face ઉપર આવી જતી, પણ બીજી જ ક્ષણે એ જ રેખા પ્રસન્નતાની રેખા બની જતી. કેમ કે, પરમ ગુરુદેવે સ્વયંના આત્મગુણોને ખીલવી, વેદના પર વિજય પ્રાપ્ત કર્યો છે.

## પીડા વચ્ચે પણ પરમાર્થ:

દેહ પર થયેલી Surgeryની ચિંતા ન કરતાં પરમ ગુરુદેવનું કરૂણાભર્યું હૃદય અન્ય જીવોની અને અબોલ જીવોની ચિંતા કરતું હતું.

પરમ ગુરુદેવે ત્યાં ઉપસ્થિત ભાવિકોને કહ્યું, ''**surgery પછીની care પણ કેટલી જરૂરી હોય છે ને ?**

આપણે last year 1 લાખ 80 હજારથી વધુ રસ્તે રઝળતા Animals અને Birdsને આપણી animal ambulance દ્વારા તાત્કાલિક અને સુયોગ્ય સારવાર અને surgery કરીને મુક્ત કરી દઈએ છીએ પણ હવેથી એમની 3-4 દિવસ care કરી, તેઓ એકદમ સ્વસ્થ થાય પછી મુક્ત કરશો.''

## વિરાટતા અને વિશાળતાનું દર્શન:

Hospitalથી discharge થવાનો દિવસ આવ્યો પરમ ગુરુદેવે એક પછી એક Doctors એમની team, staff members અને નાનામાં નાની વ્યક્તિ ward boy અને cleanerને પણ વિનય પૂર્વક બે હાથ જોડી ''thank you'' કહીને આભાર વ્યક્ત કર્યો. ત્યારે સહુ નત મસ્તકે, ભીની આંખે પરમ ગુરુદેવની વિરાટતા અને વિશાળતાને વંદન કરી રહ્યાં હતાં.



## પરમ પુણ્યશાળી શ્રી શાહ પરિવાર:

Hospitalથી discharge મળ્યા પછી, પુણ્યશાળી દેવાનુપ્રિય શ્રી માનસીબેન પરાગભાઈ શાહ પરિવારની ભાવભરી વિનંતીને સ્વીકારી, પરમ ગુરુદેવે એમના નિવાસસ્થાન Chembur પધાર્યા હતાં અને શાહ પરિવારને પરમ ગુરુદેવની ભક્તિભાવે સેવા કરવાનો અમૂલ્ય લાભ મળતા અત્યંત ઉલ્લાસભાવે પરમ ગુરુદેવની સેવા અને વૈયાવચ્ચ કરી હતી.

## વિનમ્રતા અને શૂન્યતાનું અદભૂત દર્શન:

ભક્તો જે પળની આતુરતાપૂર્વક પ્રતિક્ષા કરતાં હતાં એ પળ આવી ગઈ ! Whatsappમાં message આવવા લાગ્યાં કે પરમ ગુરુદેવ આજે સાંજે 4 થી 5 કલાકે દર્શન આપશે અને સમસ્ત મુંબઈના ભક્તો અને ભાવિકોના પગ એક જ દિશામાં દોડવા લાગ્યાં... Chemburની દિશામાં શ્રી પરાગભાઈના નિવાસસ્થાન તરફ... શ્રી પરાગભાઈનો વિશાળ flat ભક્તોથી ભરાઈ ગયો..

સહુની પ્રતિક્ષાને પરિપૂર્ણ કરતાં, પરમ ગુરુદેવનું balconyમાં આગમન થયું અને..

અને પરમ ગુરુદેવના એ પ્રથમ દર્શન... વિનયપૂર્વક જોડાયેલાં બે હાથ... ચહેરા પર sweet smile અને આત્મ પ્રસન્નતાનું પ્રતિબિંબ અને અત્યંત મૃદુ અને ભાવુક સ્વરે પરમ ગુરુદેવના શ્રી



મુખેથી... અંતરથી શબ્દો સર્યા..

**Thank you.. તમે બધાંએ મારા માટે કેટલું બધું કર્યું ! Thank you !**

પરમ ગુરુદેવની આવી શ્રેષ્ઠ સદ્‌ભાવના એ અનેક આંખો અશ્રુભીની થઈ ગઈ, જાણે કહેવા લાગી ગુરુદેવ ! આપે અમારા માટે જે સિંધુ જેટલાં ઉપકારો કર્યા છે, એની સામે આ તો એક બુંદ પણ નથી, જી !

પરમ ગુરુદેવની વિનમ્રતા અને શૂન્યતા સાથેના પ્રથમ દર્શનને પ્રત્યક્ષ અનુભવીને અને social media પર એ અનુપમ ક્ષણોની video જોઈ, લાખો હૃદયે ધન્યતા અનુભવી.

દેહથી વધારે જેમને જિનશાસન પ્રિય છે, એવા પરમ ગુરુદેવ surgery પછીના 18thમાં દિવસથી જ પાવનધામ-કાંદિવલીમાં આયંબિલ ઓળીમાં પ્રવચનધારા વહાવી શાસનની સેવા અને શાસન પ્રભાવનામાં જોડાઇ ગયાં હતાં.





# જૈન ક્રાંતિ Review

JAIN KRANTI

જૈન ક્રાંતિ એક એવું આધ્યાત્મિક magazine છે, જેમાં આપને રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની અન્યથી અનન્ય એવી વિચારધારા આધારિત મૌલિક અને મનનીય પ્રવચનો દ્વારા આત્મલક્ષી અને practical life માં ઉપયોગી અનેક પ્રેરણાઓ, બોધવચનો, એક જ વિષય પર series માં વિશ્લેષણ આદિ વાંચન સામગ્રી પ્રાપ્ત થાય છે. આ Magazine ને વધુ શ્રેષ્ઠ બનાવવા, આપ આપના review અવશ્ય મોકલશો.

## આપના પ્રતિભાવોને whatsapp કરશો

**+91 73030 00555**

જૈન ક્રાંતિમાં આપને કોઈ special વિષય પર જાણવું છે, તો એ વિષયનું નામ જણાવશો.



જૈન ક્રાંતિ ગુજરાતીમાં prefer કરો છો કે Englishમાં ?

આપના ભાવ... આપના review અમે જૈન ક્રાંતિમાં પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરીશું.

## અમારી સમીક્ષા, અમારા ભાવ...

"હું ઘણા સમયથી જૈન ક્રાંતિ વાંચુ છું. મને એમાં બધાં articles વાંચવા ગમે છે અને એમાંથી મળતી પ્રેરણા મારી lifeમાં ઘણી જગ્યાએ apply કરૂં છું, જેનાથી મારી lifeમાં અને મારા natureમાં changes આવ્યાં છે. જૈન ક્રાંતિનો Issue No. 291 જેમાં પરમ ગુરુદેવની વિચારધારાને આપણા જેવા સામાન્ય માનવીની વિચારધારા સાથેની જે comparision આપી છે, તે મારા heart ને touch કરી ગઈ અને મને પ્રથમ thought એ જ આવ્યો કે, આ હું જ્યારે શાસન પ્રભાવના કરવા જઈશ ત્યારે મને ખૂબ જ કામ લાગશે. એની design પણ એવી eye catching છે કે મેં તો એના નાના નાના banners, placard અને PPT પણ બનાવીશ.

**- શ્રી દર્શનાદીદી દડિયા, મુંબઈ**"

તપસ્યા વર્ષોથી થતી હોય પરંતુ આવા દિવસોમાં તપસ્યા કરવી જોઈએ એવું સાંભળ્યું હોય અથવા જાણ્યું હોય માટે આજ સુધીની તપસ્યા તે અકામ નિર્જરા અને પુણ્ય બંધનું કારણ બન્યું પરંતુ જૈનક્રાંતિ ના વાંચનથી તપસ્યાનો સમ્યક હેતુ જાણી, તપસ્યાના સમ્યક લક્ષની સમજ મેળવી ને ગુરુ કૃપાથી હવે જે તપસ્યા થશે તે સકામ નિર્જરા અને કર્મ ક્ષય કરાવશે. માટે જૈનક્રાંતિનો ખૂબ ખૂબ આભાર. અનંત ઉપકાર છે, પરમ ગુરુદેવનો - **શ્રી દીપાદીદી પંચમિયા, મુંબઈ**

"**Jain Kranti is not just a magazine, it's a guide to living.**

Jain Kranti વાંચતા એવું લાગે છે કે પરમ ગુરુદેવની વિચારધારા ખૂબ simple અને practical રીતે સમજાવવામાં આવી છે. Complex લાગતા concepts પણ એટલા simple બની જાય છે કે તેને everyday lifeમાં easily apply કરી શકાય. ઘણા articles એ મને સમજાવ્યું કે situations બદલવા કરતા thinking બદલવી વધુ જરૂરી છે. ક્યારેક lifeમાં confusion હોય છે, અને Jain Krantiનો એક લેખ જ એકદમ clarity આપી દે છે.

It feels like a conversation with your inner self, not just reading, but real understanding. It has helped me move from confusion to clarity and from reaction to awareness.

**- શ્રી લબ્ધિદીદી કામદાર, મુંબઈ**"

પાવનધામ-કાંદિવલીમાં

**રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી**

**Look N Learn Jain Gyandham દ્વારા આયોજિત**

**Fun games અને વિવિધ activities સાથે માનવસેવા અને જનતાની સમજ પ્રાપ્ત કરી**

# 2 Days Kids Carnival 2026

# Explore S3

## Sea of Smiles & Sanskar




- Smile સાથે સંસ્કાર અને સત્કાર્યનો સમન્વય.
- 3000+ બાળકો અને Parents એ જોયું, જાણ્યું, માણ્યું અને સંશોધન કર્યું.
- Visitorsનું બન્યું, Whatsapp Community Group !
- KIDS CARNIVALનો અદ્ભુત પ્રતિસાદ અને ફળશ્રુતિ.
- LNLમાં નવા Admission માટે Parentsની વધતી Enquiry.
- સોહમ સેવા ગ્રુપમાં જોડાયાં નવા સેવાભાવી સેવકો.

**Play Game-Save Life**

**અંતર્ગત જીવદયાના સત્કાર્યો માટે**

**₹ 78,000 collect થયાં**














+91 8657484478

www.looknlearn.in

**બાળકોએ-ગરીબ બાળકો માટે DIY Counter પર 520+ T-Shirts અને Caps Paint કર્યાં.**

Printed & Published by : Deepak K. Bhayani on behalf of Jain Kranti, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.
Printed at : Arihant Printing Press, B/4, 310, Trikal Bldg., Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075, Maharashtra.
Edited by : Deepak K. Bhayani, Chandresh Bhavan, Rambaug, Nr. Hotel Highway Residence, Chakala Marg, Andheri (E), Mumbai - 400 069.